# <u>-: જાહેરાતનો નમુનો :-</u>

**તાપી જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ૧૧ માસની કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત**

તાપી જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ૧૧ માસની મુદત માટે કરાર આધારિત જિલ્લા/તાલુકા કક્ષાની નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ ભરવા માટે ઉમેદવારો પાસેથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ સુધીમાં **<u>નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના, બ્લોકનં.૧-૨, કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા,જિ.તાપીને</u>** મળી જાય તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત સમયબાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહિ.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર | ૧ | ૧૦,૦૦૦/- ફિક્સ |
| ૨ | તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝર | ૫ | ૧૫,૦૦૦/- ફિક્સ |

આ માટેનુ અરજી ફોર્મ, જરૂરી લાયકાત તથા અન્ય આનુષાંગિક માહિતી અત્રેની કચેરીએથી અથવા https://tapi.gujarat.gov.in/circulars **અને** https://tapi.nic.in/document-category/ others/ પરથી મેળવી શકાશે.

ક્રમાંકઃમભય/જાહેરાત/વશી.૨૫૦૮/૨૦૨૧

કલેકટર કચેરી તાપી-વ્યારા -સહી-

તા.૦૨/૧૧/૨૦૨૧

**કલેકટર**

**તાપી-વ્યારા**

# <u>મ.ભો.યો.માં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટેની જરૂરી વિગતો</u>

➢ **<u>જિલ્લા કક્ષાએ :-</u>**

**૧. જિલ્લા પ્રોજેકટ કો-ઓર્ડીનેટર :-**

**(અ) શૈક્ષણિક લાયકાત :-**

૧. માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતકની ડીગ્રી ઓછામાં ઓછા ૫૦% ગુણાંકન સાથે પાસ કરેલ હોવી જોઇએ.

૨. સરકાર માન્ય સંસ્થાઓમાંથી સીસીસી પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. તેમજ ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઇને કરવામાં આવશે.

૩. માન્ય યુનિવર્સીટીમાંથી એમ.સી.એ.ની ડીગ્રી મેળવેલ હશે તેવા ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.

**(બ) અનુભવ :-**

૧. ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછા ૨ વર્ષનો અનુભવ ફરજીયાત.

૨. ડી.ટી.પી.(ડેસ્કટોપ પબ્લિકેશન) ઓપરેટર તરીકેનો અનુભવ આદર્શ રહેશે.

૩. આસિસ્ટન્ટ તરીકેનો વહીવટી અનુભવ ધરાવનારને અગ્રીમતા..

૪. મધ્યાહ્‍ન ભોજન યોજનાના અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

**(ક) વયમર્યાદા :-**

\- અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૫૮ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહી.

<u>ફરજ/બજાવવાની કામગીરી :-</u>

૧. મધ્યાહ્‍ન ભોજન યોજનાના સુચારૂ સંચાલન માટેના રીપોર્ટ તૈયાર કરવા.

૨. તાલુકાકક્ષાએથી માહિતી મેળવવી, તેનું એકત્રીકરણ કરવું અને રાજ્ય કક્ષાએ રજુ કરવું.

૩. ક્વાર્ટલી પ્રોગ્રેસ રીપોર્ટ તૈયાર કરવા અને રાજ્ય કક્ષાએ રજુ કરવા.

૪. માસિક પત્રકો(લાભાર્થી, ખર્ચ, દુધ, સુખડી, મહેકમને લગતાં કેન્દ્રો કક્ષાના માનદવેતન ધારકો અંગેની માહિતી વિગેરે) તૈયાર કરવી.

૫. મધ્યાહ્‍ન ભોજન યોજના અંગેની સોંપવામાં આવેલ તે તમામ કામગીરી.

૬. નાયબ કલેકટરશ્રી,(મ.ભો.યો.)દ્વારા સોંપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી.

## ➢ તાલુકા કક્ષાએ :-

**૧. એમ.ડી.એમ.સુપરવાઇઝર**

**(અ) શૈક્ષણિક લાયકાત :-**

૧. માન્ય યુનિવર્સીટીમાંથી ગ્રેજ્યુએટ ઇન હોમસાયન્સ/ફૂડ એન્ડ ન્યુટ્રીશન/સાયન્સની ડીગ્રી

૨. ઉમેદવારના કોમ્પ્યુટર જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઇને કરવામાં આવશે.

**(બ) અનુભવ :-**

૧. ૨ થી ૩ વર્ષનો વહીવટી કામગીરીનો અનુભવ.

૨. મધ્યાહ્ન ભોજન યોજનાના અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

**(ક) વયમર્યાદા :-**

- અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૫૮ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહી.

**ફરજ/બજાવવાની કામગીરી :-**

૧. નાયબ મામલતદાર/કેળવણી નિરીક્ષક (મ.ભો.યો.)ની તમામ કામગીરી બજાવવાની રહેશે.

૨. મધ્યાહ્ન ભોજન યોજના, દુધ સંજીવની યોજના, સુખડી, આદિજાતિ બાળાઓના વાલીઓને વિનામૂલ્યે અનાજ આપવાની યોજનાનું સુચારૂ સંચાલન/નિયંત્રણ કરવું.

૩. મધ્યાહ્ન ભોજન કેન્દ્રોની તપાસણી કરવી.

૪. મ.ભો.યો.ના રીપોર્ટ તૈયાર કરવા અને જિલ્લા કક્ષાએ રજુ કરવા.

૫. માસિક પત્રકો(લાભાર્થી, ખર્ચ, દુધ, સુખડી, મહેકમને લગતાં કેન્દ્રો કક્ષાના માનદવેતન ધારકો અંગેની માહિતી વિગેરે) તૈયાર કરવી.

૬. મધ્યાહ્ન ભોજન યોજના અંગેની સોંપવામાં આવેલ તે તમામ કામગીરી.

૭. નાયબ કલેકટરશ્રી,(મ.ભો.યો.) અને મામલતદારશ્રી દ્વારા સોંપવામાં આવે તે મ.ભો.યો.ની તમામ કામગીરી.

➢ **આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી કલેકટર કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઇન્ટરવ્યુ/પ્રમાણપત્રોની ચકાસણી માટે નાયબ કલેકટર, મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા લેખિત/ઇ-મેલ દ્વારા જણાવવામાં આવશે.**

# **મ.ભો.યો.માં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટેનું અરજી ફોર્મ**

અરજી કરેલ હોય તે જગ્યાનું નામ : ............................................................

ઉમેદવારનો ફોટો

(૧) અરજદારનું પુરે પુરૂ નામ : ............................................................
(પહેલાં અટક લખવી)

(૨) પત્ર વ્યવહારનું સરનામું : ............................................................
............................................................

(૩) મોબાઇલ નંબર : ............................................................

(૪) ઇ-મેલ આઇ.ડી. : ............................................................

(૫) જન્મ તારીખ : ............................................................

(૬) જાતિ : ............................................................

(૭) શૈક્ષણિક લાયકાત :

| ક્રમ | પદવી | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**નોંધ :- સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ તેમજ લાયકાત તેમજ સી.સી.સી.તેમજ અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે બિડવાની રહેશે.**

(૮) સી.સી.સી.પરીક્ષાની વિગત : ............................................................

(૯) અનુભવ :

(૧) વહીવટી અનુભવ વર્ષ .......... માસ .......... દિવસ ..........

(૨) મધ્યાહ્ન ભોજન યોજનાની કામગીરીનો અનુભવ વર્ષ .......... માસ .......... દિવસ .........

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી : ............................................................

(૧૧) અન્ય : ............................................................

## <u>બાંહેધરીપત્ર</u>

અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી અને ખરી છે. અને પાછળથી કોઇ માહિતી ખોટી જણાશે તો કચેરી દ્વારા મારી સામે જે કંઇ પગલાં કે કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

**(ઉમેદવારની સહી)**